જિલ્લા પંચાયતમાં ૧૦ મિનિટમાં બજેટ પસાર : કોંગ્રેસનો વૉકઆઉટ

ચર્ચા વિના જ બજેટ પસાર બહુમતિના જોરે કરાતાં કોંગ્રેસે પંચાયતની સામાન્ય સભામાંથી વોકઆઉટ કર્યો : કોંગ્રેસે કાર્યવાહી નોંધના વિરોધમાં વધુ બે રજુઆતો કરી : અજીતસિંહે લખેલા પત્રનો જવાબ પણ ન અપાયો : ભાજપે આંતરિક જૂથબંધી છુપાવવા આક્રમકતા બતાવી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા પંચાયતની બજેટ માટેની ખાસ બેઠક કોંગ્રેસના વોકઆઉટને પગલે ૧૦ મિનિટમાં જ સંપન્ન થઈ હતી.

જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે મળેલ ખાસ સામાન્ય સભામાં ગત બેઠકની કાર્યવાહી નોંધ અંગે કોંગ્રેસના વિરોધને ધ્યાને લીધા વિના જ કાર્યવાહી હાથ ધરવાના નિર્ણયને લઈ ભાજપ-કોંગ્રેસના સભ્યો સામ સામે આવી ગયા હતા.

જિલ્લા પંચાયતની ગત બેઠકમાં પ્રમુખ-ડી.ડી.ઓ.ની ગ્રાન્ટ પરત ખેંચવાના તેમજ ઔચિત્યભંગના રજુ થયેલા મુદ્દાઓની કોઈ જ નોંધ કાર્યવાહી નોંધમાં ન કરાતાં અજીતસિંહ રાઠોડ અને રશ્મિનજી ઠાકોરે ઉગ્ર વિરોધ કર્યો હતો. અજીતસિંહે કાર્યવાહી નોંધના વિરોધ અંગે આજે વધુ બે પત્રો પણ સામાન્ય સભામાં આપ્યા હતા અને રેકર્ડ પર લેવા જણાવ્યુ હતુ.

જો કે બીજી તરફ ભાજપના કલ્પેશ પટેલે બેઠકની કાર્યવાહી એજન્ડા પ્રમાણે હાથ ધરવા અને કાર્યવાહી નોંધ બહાલ રાખવાની જાહેરાત કરી હતી. કોંગ્રેસના ભારે વિરોધ પછી પ્રમુખે પણ સભ્યોને શાંત પાડવાનો પ્રયાસ કર્યો નહતો પરંતુ કોંગ્રેસના સભ્યોને બેસવા જણાવ્યુ હતુ.

આ બેઠકમાં બજેટ વિશે અધ્યક્ષીય પ્રવચન કરવાનું ટાળી અને બજેટ મંજૂર કરવાની જાહેરાત કરાતાં પુનઃ કોંગ્રેસે બજેટ પર ચર્ચા કરવાની માંગ રશ્મિનજી ઠાકોર અને અજીતસિંહે કરી હતી તેમજ તે અંગે તેમની રજુઆતો સાંભળવામાં આવે આમ છતાં ભાજપના સભ્યોએ પણ આક્રમકતાથી જ બજેટ મંજૂર છે

● અનુસંધાન પાન-૭ પર

રૂ. ૫.૫૫ કરોડની પુરાંત દર્શાવતુ અંદાજપત્ર વાસ્તવદર્શી છે : દિલીપ પટેલ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા પંચાયતના ૨૦૨૨-૨૩ના અંદાજપત્ર સ્વભંડોળમાં રૂ. ૫.૫૫ કરોડની પુરાંત દર્શાવતુ આજે બહુમતિથી પસાર કરવામાં આવ્યુ છે.

જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલે જણાવ્યુ છે કે અંદાજપત્રમાં વિવિધ યોજનાઓ માટે મહત્વની જોગવાઈઓ કરી વાસ્તવદર્શી અંદાજપત્ર તૈયાર કરવામાં આવ્યુ છે. સ્વભંડોળની આવક ઘટી જરૂર છે પરંતુ અમે કરકસરની નીતિ સાથે વિકાસને આગળ ધપાવશુ.

અંદાજપત્રમાં સ્વભંડોળમાં આજ સુધીમાં સૌથી ઓછી પુરાંત દર્શાવતુ આ અંદાજપત્ર છે.

પંચાયતી ધારાના લીરા ભાજપે ચર્ચા નહિ કરવા દઈ ઉડાડ્યા છે : કોંગ્રેસ

કોંગ્રેસે ખાડા કર્યા છે : તેમની પાસે આક્ષેપબાજી સિવાય કંઈ નથી : અમે નવા પંચાયતના મકાન માટે ૭ કરોડ ફાળવ્યા છે : દિલીપભાઈ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા પંચાયતના બજેટમાં ગરીબો પ્રત્યે ભાજપની તિરસ્કારવૃત્તિ તેમજ બહુમતિના જોરે પંચાયતીરાજ કાયદાના લીરા ઉડાડવાની હીન પ્રવૃત્તિ કરી હોવાનો આક્ષેપ કોંગ્રેસના રશ્મિનજી ઠાકોર અને અજીતસિંહ રાઠોડે બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં કર્યો હતો.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લા પંચાયતના મકાનની જાળવણી નિભાવણી, પ્રમુખના બંગલામાં મરામત ખર્ચ લાખો રૂ. તો ડી.ડી.ઓ.ના આવાસમાં પણ સુવિધાઓના નામે લાખોનો ખર્ચ ખુલ્લો ના પડે તે માટે ભાજપે તમામ નીતિઓ નેવે મુકી છે.

રશ્મિનજી ઠાકોરે સમાજકલ્યાણ સમિતિને અનુ. જાતિ માટે ૭ ટકા રકમ, બક્ષીપંચને સાત ટકા તેમજ આદિજાતિને ૭ ટકા રકમની ફાળવણી કરી ગરીબો પ્રત્યે તેમને કેટલો તિરસ્કાર છે તે દર્શાવે છે.

અજીતસિંહ અને રશ્મિનજી ઠાકોરે જણાવ્યુ હતુ મનરેગાનું લેબર બજેટ હજુ તા.પં.ઓએ પસાર કર્યુ નથી અને જિલ્લા પંચાયતે પસાર કરી દીધુ. કાયદાઓના પણ લીરા ઉડાડવાની ભાજપને આદત પડી છે.

આ બન્ને આગેવાનોએ જણાવ્યુ હતુ કે દિનદયાળ ઉપાધ્યાય આવાસ માટે કોઈ ફાળવણી નથી કરાઈ તો પીએમ આવાસ યોજનાઓ તાલુકાના ગ્રામ્ય વિસ્તારની દૃષ્ટિએ જોઈએ તો દરેક ગામમાં એક મકાન થાય અર્થાત્ ગ્રામ્ય વિસ્તારમાં ગરીબો જ નથી.

તેમણે કહ્યુ કે જિલ્લાના ત્રણેય સીડફાર્મ ખોટ દર્શાવે છે તે બતાવે છે કે ખેડૂતોની આવક વધી હોવાની તેમની વાતો કેટલી ખોટી છે. રેતી-કાંકરીની ગ્રાન્ટ કલોલના કોઈ સભ્યને મળી નથી એમાં પણ મેળાપીપણુ ચાલે છે. માર્ગોના કામોની ગ્રાન્ટ માંત્ર ૪ સભ્યોને મળી છે બાકી બધાને કશુ મળ્યુ નથી.

જો કે બીજી તરફ ભાજપના જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલે જણાવ્યુ હતુ કે અમે

● અનુસંધાન પાન-૭ પર

પાણી-ગટર વેરાની એડવાન્સ વસુલાત અન્વયે

૩૧ માર્ચ સુધી વળતરનો લાભ લેવા નગરજનોને અપીલ

શહેરમાં પાણી ગટરના વ્યવસ્થાપન અંગે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે આમ છતા વેરાની ચુકવણી સંદર્ભે જોડાણકર્તાઓમાં નિરસતા

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગર શહેરમાં એડવાન્સ પાણી ગટર વેરો વસુલવા માટે તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જયારે શહેરના સે-૧ થી ૩૦ સેકટરો તેમજ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાંથી જોડાણકર્તાઓ પાસેથી વેરો વસુલવા માટે તંત્ર કક્ષાએથી વિવિધ બે કાઉન્ટરો પણ કાર્યરત કરવામાં આવ્યા છે. પાણી ગટર વેરાની આગામી તા ૩૧ માર્ચ સુધી ચુકવણી કરવા બદલ ગ્રાહકોને વળતરનો લાભ પણ આપવામાં આવે છે. દરવર્ષે વેરાની વસુલાતની ઝુંબેશ અન્યવે માંડ ૪૫ ટકા કામગીરી થાય છે. ત્યારે આ વર્ષે મહત્તમ વેરો વસુલવા તરફ પણ તંત્રએ અસરકારક ઝુંબેશ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરમાં પાણી ગટરની વ્યવસ્થા પુરી પાડવા માટે સરકાર પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. જયારે ગાંધીનગરાઓ દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ કરતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. પરંતુ પાણી ગટર વેરાની ચુકવણીમાં નિરસતા સેવાતા દરવર્ષે બાકી માંગણા સામે માંડ ૪૫ થી ૫૦ ટકા જ વસુલાત થઈ શકે છે. જેના લીધે તંત્રના ચોપડે જુની બાકી માંગણાના આંકડો પણ મોટો છે. આ વર્ષે પણ વેરા વસુલાત અન્વયે ગત દિવસોમાં બીલનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ જયારે બીલ વિતરણના અંતે હાલ વેરા વસુલાત ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા વેરો વસુલવા માટે સે-૧ થી ૧૩ અને ઈન્દ્રોડા , ધોળાકુવા , ગોકુળપુરા સહીતના વિસ્તાર માટે પાટનગર યોજના વિભાગની કચેરી પેટા વિભાગ નં -૯ ખાતે વેરો સ્વીકારવામાં આવે છે. જે મુજબ સવારે ૯ થી ૧૨ માં વેરો ભરપાઈ કરવા પણ જોડાણકર્તાઓને અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત સે-૧૪ થી ૩૦ માં ઉપરાંત પાલજ, બાસણ બોરીજ ફતેપુરા, આદીવાડા અને જી આઈ ડી સી વિસ્તારને અનુલક્ષી પણ પાટનગર યોજના ભવન બી બ્લોકમાં પ્રથમ માળે વેરો સ્વીકારવામાં આવે છે. આ ઉપરાંત સે-૨૨ તેમજ સે-૨૪ ડ્રેનેજ ઈન્ક્વાયરી ખાતે પણ વેરો સ્વીકારવામાં આવે છે. પાણી ગટર વેરાના બીલ હાલમાં પણ જોડાણકર્તાઓને ઘરે બેઠા મળી રહે તેની કામગીરી ચાલી રહી છે.જયારે બીલ મેળવવા માટે કચેરીમાં

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરની લોક અદાલતમાં ૪૩૦૪ કેસોનો નિકાલ કરાયો

મોટર અકસ્માતના ૮૦ કેસોનો નિકાલ રૂ ૨,૫૪,૦૮,૧૪૫ નુ વળતર ચુકવવા આદેશ કરાયો : ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટીસ અરવિંદકુમારે રૂબરૂ મુલાકાત લઇ મોટર અકસ્માતના કેસમાં સુખદ સમાધાન કરાવ્યુ

ગાંધીનગર તા ૧૪

ગુજરાત કાનુની સેવા સત્તા મંડળની સુચના અન્વયે જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા તા ૧૨ માર્ચના રોજ જિલ્લા ન્યાયાલય ખાતે લોક અદાલતનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ અરવિંદકુમારે ગાંધીનગર કોર્ટમાં નેશનલ લોક અદાલત દરમિયાન રૂબરૂ મુલાકાત લીધી હતી. લોક અદાલદ દરમિયાન કુલ ૪૩૦૪ કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત મોટર અકસ્માતના કુલ ૮૦ કેસોમાં સમાધાન કરવામાં આવ્યુ હતુ. જેના અંતે રૂ ૨,૫૪૦૮૧૪૫ નુ વળતર ચુકવવા આદેશ કરવામાં આવ્યો છે.

રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળના આદેશ અન્વયે સમગ્ર દેશમાં તા ૧૨ માર્ચના રોજ નેશનલ લોક અદાલતનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેના ભાગરૂપે ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ , ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી અધ્યક્ષ જસ્ટીસ આર એમ છાયાના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લાની તમામ તાલુકાની અદાલતોમાં જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના અધ્યક્ષ એસ એન સોલંકીની અધ્યક્ષતા હેઠળ નેશનલ લોક અદાલતનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

શહેર-જિલ્લામાં કોરોનાના એક-એક કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાના આજે એક-એક કેસ નોંધાયેલ છે.ગાંધીનગર શહેરમાં આજે રાંદેસણ ગામેથી એક કેસ મળેલ છે જ્યારે ગાંધીનગર તાલુકાના દોલારાણા વાસણાથી એક કેસ મળેલ છે.

આજે નોંધાયેલ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં ત્રણ દિવસ બાદ કોરોનાનો કેસ નોંધાયો છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા સૂચના આપી છે.

કલોલમાં પ્રદૂષણ ફેલાવતા ૬ એકમોને ક્લોઝરના હુકમો કરાયા : પર્યાવરણમંત્રી

ગાંધીનગર, તા. ૧૪

કલોલ તાલુકામાં પ્રદૂષણ ફેલાવનારા ઔદ્યોગિક એકમો સામેની ફરિયાદને લઈ ધારાસભ્ય બળદેવજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પર્યાવરણમંત્રીએ જણાવ્યુ છે કે બે વર્ષમાં આ અંગે ૪૭ ફરિયાદો મળી છે.

તેમણે સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ૧૭ ઔદ્યોગિક એકમોને શોકોઝ નોટીસ આપવામાં આવેલ છે. ૨૧ એકમોને નોટીસ ઓફ ડાયરેક્શન આપવામાં આવેલ છે જ્યારે ૬ એકમોના ક્લોઝરના હુકમો કરવામાં આવેલ છે. ૩ અરજીઓમાં તથ્ય ન જણાતાં તેને દફતરે કરવામાં આવેલ છે. પર્યાવરણમંત્રીએ જણાવ્યુ છે કે ત્રણ એકમોને ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ દરમ્યાન ક્લોઝરના હૂકમો કરવામાં આવ્યા છે જ્યારે ૧-૧-૨૧થી ૩૧-૧૨-૨૧ દરમ્યાન બીજા ત્રણ એકમો ક્લોઝરના આદેશો કરવામાં આવ્યા છે.

રાંધેજા-બાલવા માર્ગ પર સલામતી જોખમાઈ : ફોરલેન કરવા માટે પ્રબળ માંગ

વિભાગ કક્ષાએથી દરખાસ્તને મંજુરી અપાયા બાદ આગળ આયોજન કરાશે : સાંકડા માર્ગ પર ટ્રાફિકનો ધમધમાટ ફોરલેન કરવા માટે હરિયાળા વૃક્ષોની પણ કટોતી થાય તેમ છે

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગર શહેર ઉપરાતં જિલ્લાને જોડતા વિવિધ માર્ગોની સુધારણા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવે છે. જિલ્લામાં વિવિધ માર્ગો પર પણ હવે ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે ત્યારે માર્ગ સલામતીને અનુલક્ષી માર્ગ વાઈડનીંગની કામગીરી પણ અનિવાર્ય બની છે. રાંધેજા બાલવા માર્ગનુ પણ વાઈડનીંગ હાથ ધરવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જો કે ૧૦ મીટરના આ સાંકડા માર્ગને ફોરલેન કરવા માટે હરિયાળા વૃક્ષોની પણ કટોતી કરવી પડે તેમ છે.

ગાંધીનગર શહેર સહીત જિલ્લામાં પણ વિવિધ માર્ગોને અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં માર્ગોના વાઈડનીંગની સાથે નવા અન્ડરપાસ પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે જયારે ચિલોડા સરખેજ માર્ગ પર ટ્રાફિકના ભારણને ધ્યાનમાં રાખીને માર્ગ સિકસલેન કરવા સહીત વિવિધ જંકશન પર ઓવરબ્રિજ તૈયાર કરવામાં આવી રહ્યા છે. વસતી અને વિકાસની સાથે માર્ગો પર દોડતા વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. જેના લીધે શહેરની સાથે જિલ્લા સાથે જોડાયેલા વિવિધ માર્ગો પર ટ્રાફિકનો સિનારિયો બદલાયો છે. આ સ્થિતિને અનુલક્ષી જિલ્લાના વિવિધ માર્ગો પણ સુધારણા અને વાઈડનીંગ હેઠળ આવરી લેવા માટે સમયાંતરે ગ્રામજનો સહીત આસપાસના અપડાઉન કર્તાઓ દ્વારા પણ પ્રબળ માંગ ઉઠતી રહે છે. જિલ્લામાં રાંધેજા બાલવ માર્ગ પર છેલ્લા ઘણાં સમયથી વિશેષ ટ્રાફિક જોવા મળે છે. ટ્રાફિકથી ધમધમતા આ સાંકડા માર્ગ પર અનેક સમસ્યાઓ પણ ઉદભવે છે. રાંધેજા બાલવા માર્ગ હાલ ૧૦ મીટરનો છે. જયારે આ રૂટમાં સતત ટ્રાફિકની અવરજવર રહે છે. જેના લીધે લાંબા સમયથી અન્ય માર્ગોની જેમ આ માર્ગને પણ ફોરટ્રેક કરવા માટે માંગણી કરવામાં આવી રહી છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા આ કાર્યયોજનાને અનુલક્ષી વિભાગને દરખાસ્ત પણ કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી આ મામલે કોઈ નિર્ણય લેવાયો નથી બીજીતરફ આ માર્ગને ફોરલેન કરવા માટે હરિયાળા વૃક્ષોની કટોતી કરવાની પણ અનિવાર્યતા ઉભી થાય તેમ છે. એકબાજુ હરિયાળા વૃક્ષોનો પણ પ્રશ્ન છે. ત્યોર બીજીતરફ આ રૂટમાં પૈડા પરની જિન્દગી સલામત થાય તે માટે પણ આયોજન કરવાનુ અનિવાર્ય બન્યુ હોવાનુ સ્થાનિકો જણાંવી રહ્યા છે ટ્રાફિકનુ પ્રમાણ વધવાની સાથે સાંકડા માર્ગ પર અવારનવાર અકસ્માતો પણ સર્જાય છે. ત્યારે આ માર્ગની દશા સુધારવા અને વાઈડનીંગનુ કામ હાથ ધરવા માટે વિભાગ કક્ષાએથી મંજુરી આપવામાં આવ્યા બાદ આગળ કામગીરી હાથ ધરાશે. જિલ્લામાં હાલ અન્ય વિસ્તારમાં પણ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

બે વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા યોજના અંતર્ગત ૩૪,૮૪૫ અરજીઓ મળી

આ પૈકી ૨૯,૮૧૮ અરજીઓ મંજૂર કરવામાં આવી છે : જિલ્લામાં બે વર્ષમાં ૧૪,૨૭૨ વૃક્ષો વનવિભાગ દ્વારા કાપવામાં આવ્યા : જિલ્લામાં તા.પ્રા.શિ. અધિકારીની ૧ અને કેળવણી નિરીક્ષકની ૭ જગ્યાઓ ખાલી છે

વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

● **રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા હેઠળ અરજીઓ**

કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા યોજના અંતર્ગત આવરી લેવા મળેલ અરજીઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે કુલ ૩૪,૮૪૫ રેશનકાર્ડ ધારકોએ અરજી કરી છે.

નાગરિક પુરવઠા મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે મળેલ અરજીઓ પૈકી ૨૯,૮૧૮ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. જ્યારે ૪,૩૯૬ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

સભ્યના વધુ એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ ૧૧,૬૮૩ વૃક્ષો કાપવામાં આવ્યા છે.

મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે સરકારશ્રીના વિકાસ કામોની અગત્યતાને ધ્યાને લઈ રોડ વાઈડનીંગની કામગીરીમાં નડતરરૂપ વક્ષો તેમજ કુદરતી રીતે સુકાઈ ગયેલા અને વાવાઝોડાથી પડી ગયેલા વૃક્ષોને જાહેર હિતને ધ્યાને લઈ કાપવામાં આવેલ છે.

● **લાભાર્થી કુટુંબો**

દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે ૩૧-૧-૨૨ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ સમાવવામાં આવેલ લાભાર્થી કુટુંબો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાગરિક પુરવઠા મંત્રીએ જણાવ્યુ છે કે છેલ્લા એક વર્ષમાં ૧૦,૧૯૮ પરિવારોને સમાવવામાં આવ્યા છે.

તેમણે સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ૧૦,૧૯૮ લાભાર્થી પરિવારોમાં જનસંખ્યા ૪૯,૫૦૦ છે.

● **મફત પાઠ્યપુસ્તક યોજના**

ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે મફત પાઠ્ય પુસ્તકો આપવાની યોજના અંતર્ગત ૨૦૨૦-૨૧માં કેટલા વિદ્યાર્થીને લાભ અપાયો તેવા પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યું છે કે ૬૨,૨૩૯ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

આ અંતર્ગત રૂ. ૩ કરોડ સોળ લાખ બાણુ હજાર આઠસો ચોવીસનો ખર્ચ કરવામાં આવેલ છે.

● **મર્જ કરેલ શાળા**

માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલે જિલ્લામાં બે વર્ષમાં મર્જ કરાયેલ શાળાઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં નવ શાળાઓ મર્જ કરવામાં આવી છે.

આ નવ શાળામાં ૧૨૫૬ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા તેમ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે. વિદ્યાર્થીઓની સંખ્યા ઘટવાના કારણે તથા એક જ કેમ્પસમાં એકથી વધુ શાળા ચાલતી હોવાના કારણે વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ધ્યાને રાખી શાળા બંધ/મર્જ કરવામાં આવેલ છે.

● **ટી.પી.ઓ. અને કેળવણી નિરીક્ષકની જગ્યાઓ**

ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ગાંધીનગર જિલ્લામાં તાલુકા પ્રાથમિક

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com